**પ્રશ્ન : (૧) માહિતી ખાતા દ્વારા બજેટ ફાળવણી અંતર્ગત પ્રજાલક્ષી કાર્યક્રમો માટે કઈ કઈ ટીવી શ્રેણીનું નિર્માણ કરવામાં આવે છે? અને**

**(૨) આ ટીવી શ્રેણીઓ ચેનલ ઉપર ક્યારે ક્યારે પ્રસારીત કરવામાં આવે છે?**

---

**જવાબ:**

પ્રસ્તાવના:

માહિતી ખાતા દ્વારા રાજ્ય સરકારના વિકાસ કામો, નિર્ણયો, કાર્યક્રમો અને સિદ્ધિ અંગે ટીવીસી, ક્વિકી, રેડિયો જિંગલ બનાવી તેનું વિવિધ માધ્યમો ઉપર પણ પ્રસારણ કરવામાં આવે છે.

**માન.અધ્યક્ષશ્રી,**

**માન.સભ્યશ્રીના પ્રશ્નોના જવાબમાં જણાવું તો,**

માહિતી ખાતા દ્વારા

રવિવારે**"યશગાથા ગુજરાત"**

શનિવારે **"ગુજરાત ગાથા"** ટીવી શ્રેણી તેમજ

વિધાનસભા સત્ર દરમિયાન **'લોકશાહિના ધબકારા'**

ટીવી શ્રેણીઓનું નિર્માણ કરવામાં આવે છે.

**"ગુજરાત ગાથા"** ટીવી શ્રેણી વિવિધ પ્રાદેશિક ચેનલો પરથી ૨૫ મિનિટની અવધિમાં દર શનિવારે પ્રસારિત કરવામાં આવે છે. **"યશગાથા ગુજરાતની"** શ્રેણી વિવિધ ટીવી ચેનલો દ્વારા નિયમિતપણે દર રવિવારે પ્રસારિત કરાય છે.

- તેમજ વિધાનસભા સત્ર દરમિયાન **"લોકશાહીના ધબકારા"** શ્રેણી રાજયની વિવિધ ચેનલો પરથી દૈનિક ધોરણે પ્રસારિત કરવામાં આવે છે. આ કાર્યકમનું નિર્માણ સંપૂર્ણપણે ઈન હાઉસ થાય છે.

**પ્રશ્ન : (૧) માહિતી ખાતું ક્યા ક્યા પ્રકાશનો થકી લોકહીત અને જનકલ્યાણની બાબતો જનતા સમક્ષ રજૂ કરવામાં આવે છે? અને**

**(૨) માહિતી ખાતા દ્વારા રાજ્યના યુવાધનને માર્ગદર્શન માટે કોઈ ખાસ પ્રકાશન પ્રસિધ્ધ કરવામાં આવે છે કે કેમ?**

---------------------------------------------------------------------

**જવાબ:**

**પ્રસ્તાવના:**

મુદ્રિત પ્રકાશનો એ પ્રચાર–પ્રસારનો એક અસરકારક માધ્યમ છે. રાજ્યના જન સામાન્ય તથા અંતરિયાળ વિસ્તારોમાં વસતા આદિવાસી અને અનુસુચિત જાતિના લોકોને પણ સરકારની કલ્યાણલક્ષી યોજનાઓની જાણકારી મળી રહે તે હેતુથી વિવિધ પ્રકારના સમાજ ઉપયોગી પ્રકાશનો પ્રસિધ્ધ કરવામાં આવે છે.

**માન.અધ્યક્ષશ્રી,**

**માન.સભ્યશ્રીના પ્રથમ પ્રશ્નનો જવાબમાં જણાવું તો,**

માહિતી ખાતા દ્વારા દર પખવાડીયે **'ગુજરાત પાક્ષીક'**, દર વર્ષે **'દિપોત્સવ અંક'** અને અંગ્રેજીમાં દર ત્રણ માસે **'ધ ગુજરાત'** પ્રકાશિત કરવામાં આવે છે.

- માહિતી ખાતા દ્વારા નિયમિત રીતે પ્રકાશિત થતા "ગુજરાત' પાક્ષિકમાં રાજય સરકારની વિવિધ મહત્વપુર્ણ બાબતોને આવરી લેતા લેખો, સમાચારો, ફોટોગ્રાફ્સ વગેરે દ્વારા આમજનતાને ઊપયોગી માહિતી આપવામાં આવે છે.
- માહિતી ખાતા દ્વારા પ્રસિધ્ધ કરાતાં ગુજરાત દિપોત્સવી અંકમાં વિવિધ અભ્યાસલેખ, વિનોદીકા સંપુટ, નવલિકા સંપુટ વગેરેનો સમાવેશ કરવામાં આવે છે. આ અંકને ખૂબજ લોકચાહના મળી છે અને વાચકો દ્વારા સારો પ્રતિસાદ સાંપડયો છે.

**પાછળ ચાલુ...**

- ગુજરાત રાજયની વિવિધ વિકાસલક્ષી બાબતોથી રાજય બહારના લોકો પણ માહિતગાર થાય તે આશયથી દર ત્રણ માસે અંગ્રેજી ભાષામાં “ધ ગુજરાત” પ્રસિધ્ધ કરવામાં આવે છે.

**માન.અધ્યક્ષશ્રી,**

**માન.સભ્યશ્રીના બીજા પ્રશ્નનો જવાબમાં જણાવું તો,**

રાજ્યના યુવકો–યુવતીઓને ગુજરાત તેમજ ગુજરાત બહાર રોજગાર વિષયક માર્ગદર્શન મળી રહે તે આશયથી દર બુધવારે **ગુજરાત રોજગાર સમાચાર** સાપ્તાહિક પ્રસિધ્ધ કરવામાં આવે છે.

- આ ઉપરાંત વિદ્યાર્થીઓને કારકિર્દી વિશે તમામ માહિતી એક જ જગ્યાએ મળી રહે તે શુભ આશયથી પ્રતિ વર્ષ **કારકિર્દી વિશેષાંક** પણ બહાર પાડવામાં આવે છે.

**પ્રશ્ન : (૧) રાજ્ય સરકારના માહિતી વિભાગ દ્વારા પ્રચાર–પ્રસારની કામગીરી ઉપરાંત કઈ વિશેષ કામગીરી કરવામાં આવે છે ? અને**

**(૨) માહિતી ખાતાએ કોઈ વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરી છે કે કેમ?**

**જવાબ:**

**માન.અધ્યક્ષશ્રી,**

**માન.સભ્યશ્રીના પ્રથમ પ્રશ્નનો જવાબમાં જણાવું તો,**

(૧) ગુજરાત સરકારના માહિતી વિભાગ મારફત રાજ્ય સરકારની યોજનાકીય–નીતિ વિષયક બાબતો અંગે નિયમિત પ્રચાર–પ્રસારની કામગીરી તો કરવામાં આવે જ છે.

- આ ઉપરાંત, પ્રજાસત્તાક દિને નવી દિલ્હી ખાતે દર વર્ષે, તા.26 જાન્યુઆરીના રોજ **"કર્તવ્ય પથ"** પર યોજાતી પરેડમાં રાજ્યનો ટેબ્લો (ઝાંખી) તૈયાર કરવાની વિશેષ કામગીરી પણ હાથ ધરવામાં આવે છે.

**માન.અધ્યક્ષશ્રી,**

**માન.સભ્યશ્રીના બીજા પ્રશ્નનો જવાબમાં જણાવું તો,**

હું આ વાત અત્યંત ગૌરવ સાથે ઉપસ્થિત ગૃહને જણાવીશ કે, માહિતી વિભાગ દ્વારા ગત વર્ષે એટલે કે વર્ષ; 2023માં રજુ કરવામાં આવેલા **"ક્લિન અને ગ્રીન એનર્જીયુક્ત ગુજરાત"**ને **'પીપલ્સ ચોઈસ એવોર્ડ"**માં પ્રથમ એવોર્ડ પ્રાપ્ત થયો હતો.

- એટલું જ નહિ, માનનીય અધ્યક્ષ મહોદય, ચાલુ વર્ષે, એટલે કે વર્ષ–2024માં તો ગુજરાતના ટેબ્લોએ બે એવોર્ડ જીતીને દેશભરમાં ડંકો વગાડી દીધો છે.
- આ વર્ષે, **"ધોરડો: ગુજરાતના સરહદી પ્રવાસનની વૈશ્વિક ઓળખ"**ના વિષય આધારિત ટેબ્લોએ સૌ પ્રથમવાર બે શ્રેણીમાં : **'પીપલ્સ ચોઈસ એવોર્ડ"માં પ્રથમ** તથા **જજીઝ ચૉઇસમાં બીજા ક્રમે** એવોર્ડ પ્રાપ્ત કરવાનું ઐતિહાસિક બહુમાન પ્રાપ્ત કર્યું છે.